

P.07
ભોજપુરીનું હાલમાં કોઈ ભવિષ્ય નથી : પીઢ અભિનેતા રવિ કિશન


ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

# લોક પત્રિકા

www.lokpatrika.in

LOK PATRIKA

RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૩ અંક : ૧૯૦ । વિક્રમ સંવત ૨૦૮૧ : મહા વદ ૦૬ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 190 • Dt.19-02-2025 Wednesday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125




P.07
જાહ્નવી કપૂર અલ્લુ અર્જુન સાથે ફિલ્મમાં જોવા મળી શકે

બાંગ્લાદેશમાં વિરોધ પ્રદર્શન દરમિયાન અત્યાચાર । ૪૧ પોલીસ અધિકારીઓની ધરપકડ



07

19
FEBRUARY- 2025
WEDNESDAY



07

પશ્ચિમ એશિયાના અનેક દેશોમાંથી લગભગ ૧૭૦ પાકિસ્તાની નાગરિકોને દેશનિકાલ કરવામાં આવ્યા






















## અમદાવાદમાં ફાર્મ હાઉસમાં ચાલતું કોલ સેન્ટર ઝડપાયું,તપાસ શરૂ

| અમદાવાદ, તા.૧૮ |

અમદાવાદમાં સાણંદ પોલીસે ફાર્મહાઉસમાં ચાલતા કોલ સેન્ટરનો પર્દાફાશ કર્યો છે. સાણંદના અંદેજ ગામમાં પોલીસે એક ફાર્મહાઉસ પર દરોડો પાડી બે આરોપીઓની ધરપકડ કરી ૨.૭૪ લાખનો મુદ્દામાલ કબ્જે કરી કાર્યવાહી શરૂ કરી છે.અમદાવાદના સાણંદના આવેલા અણદેજમાં આવેલા ફાર્મહાઉસમાં ધમધમતાં કોલ સેન્ટરમાં સાણંદ પોલીસે બાતમીના આધારે દરોડા પાડ્યાં હતા. અમેરિકાના નાગરિકોને લોનની લાલચ આપી છેતરપિંડી કરવામાં આવતી હતી. હારૂન નામનો શખ્સ તેના ફાર્મમાં કોલ સેન્ટર ચલાવતો હતો. તારીક સૈયદ અને અશફાક કાઝી નામના વ્યક્તિની પોલીસે ધરપકડ કરી છે. પોલીસે ૨.૭૪ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

## જામનગરમાં યુવાન વ્યાજખોરોની ચુંગાલમાં ફસાયો, આપઘાતનો પ્રયાસ કર્યો

| જામનગર, તા.૧૮ |

જામનગર શહેરના પટણીવાડ વિસ્તારમાં રહેતો ઈમ્તિયાઝ આરબ નામનો યુવાન વ્યાજખોરોની ચૂંગાલમાં ફસાઈ ગયો છે, અને આખરે તેમાંથી મુક્તિ મેળવવા માટે યુવકે ઝેરી દવા પી લીધી છે. આ ઘટના બાદ યુવકને તાત્કાલિક સારવાર માટે સરકારી જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. હાલ, તેની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.પ્રાપ્ત માહિતી અનુસાર, ઈમ્તિયાઝ આરબ ઘણા સમયથી આર્થિક મુશ્કેલીઓનો સામનો કરી રહ્યો હતો. આ દરમિયાન તેણે કેટલાક વ્યાજખોરો પાસેથી નાણાં ઉછીના લીધા હતા. જોકે, વ્યાજખોરો દ્વારા પઠાણી ઉઘરાણી કરવામાં આવતી હોવાથી તે સતત માનસિક તાણ અનુભવી રહ્યો હતો. આખરે કંટાળીને તેણે ઝેરી દવા પીને જીવન ટૂંકાવવાનો પ્રયાસ કર્યો હતો.આ ઘટનાની જાણ થતાં સીટી એ. ડિવિઝનનો પોલીસ કાફલો જી.જી. હોસ્પિટલમાં દોડી ગયો હતો, અને પોલીસ દ્વારા સમગ્ર મામલાની ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી છે.

### કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના સૂપડા સાફ થઇ ગયાં

# ગુજરાતમાં ૯૦ નગરપાલિકાઓમાં ભાજપનો વિજય થયો

### સમાજવાદી પાર્ટીની ગુજરાતમાં ધમાકેદાર એન્ટ્રી, પહેલીવાર ૨ નગરપાલિકા પર રાજ કરશે

| અમદાવાદ, તા.૧૮ |

૧ મનપા અને ૬૬ નગરપાલિકામાંથી ૩૪ નગરપાલિકામાં ભાજપની ભવ્ય જીત થઈ છે. કુલ ૧૬૭૭ બેઠકોમાંથી ૧૦૦૧ બેઠકો પર ભગવો લહેરાયો છે. તો કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના સૂપડા સાફ થયા છે. ૬૮માંથી ૯૭ નગરપાલિકાના પરિણામ જાહેર થયાં ૯૦ નગરપાલિકાઓમાં ભાજપનો વિજય થયો આ વચ્ચે કેટલીક બેઠકોના પરિણામોએ ગુજરાતને ચોંકાવ્યા છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં કોઈ વિચારી ન શકે તેવા પરિણામોમાં ઉલટફેર જોવા મળ્યો છે. સત્તા ભલે ભાજપ પાસે ગઈ છે, પરંતુ કેટલાક પરિણામોએ તો ભાજપને પણ ચોંકાવી દીધા છે. આ ચૂંટણીથી ગુજરાતમાં સમાજવાદી પાર્ટીનો ઉદય થયો છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં પહેલીવાર સમાજવાદી પાર્ટી પાસે સત્તા ગઈ છે.ગુજરાતની બે નગરપાલિકામાં સમાજવાદી પાર્ટીની ધમાકેદાર એન્ટ્રી થઈ છે. તો બીજી તરફ, છોટાઉદેપુરમાં સમાજવાદી પાર્ટીના ૬ ઉમેદવાર વિજેતા બન્યા છે. પોરબંદર જિલ્લાની રાણાવાવ અને કુતિયાણા નગરપાલિકામાં સમાજવાદી પાર્ટીનો વિજય થયો છે. રાણાવાવ નગરપાલિકામાં સમાજવાદી પાર્ટીએ ૨૦ અને ભાજપે ૮ સીટ પર વિજય મેળવ્યો છે. જ્યારે કુતિયાણા નગરપાલિકામાં સમાજવાદી પાર્ટીએ ૧૪ અને ભાજપે ૧૦ સીટ પર વિજય મેળવ્યો છે.રાણાવાવ નગરપાલિકા કુલ બેઠક : ૨૮ ૦૮ બેઠક - ભાજપ ,૨૦ બેઠક - સમાજવાદી પાર્ટી છોટાઉદેપુર નગરપાલિકામાં સમાજવાદી પાર્ટીના ઉમેદવાર મૂફીર શેખની ૧ વોટથી જીત થઈ છે. ઉમેદવાર મૂફીર શેખની એક વોટથી જીત થતા તેમના સમર્થકો ભાવુક બન્યા હતા. આ ચૂંટણીમાં ૧ વોટનું પણ મહત્વ સમજાયું છે. છોટાઉદેપુર નગરપાલિકાની ચૂંટણી માટે પહેલીવાર સમાજવાદી પાર્ટીના ૬ ઉમેદવારો મેદાનમાં ઉતર્યા હતા. જોકે, તમામ ૬ ઉમેદવારોની જીત થતા ઉમેદવારોમાં ખુશી છવાઈ છે. સમાજવાદી પાર્ટીની જીત થતા ઉમેદવારોએ લોકોનો આભાર માન્યો. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ૩૫ થી વધુ નગરપાલિકામાં કમળ ખીલ્યું છે. પરંતુ જ્યાં ભાજપ હાર્યું છે ત્યાં ભૂંડે હાલ હાર્યું છે. અનેક નગરપાલિકાઓમાં ભાજપની શરમજનક હાર કહી શકાય. ભાજપની સૌથી મોટી હાર સલાય નગરપાલિકામાં થઈ છે. ભાજપે સલાયામાં ફેરવેલું બુલડોઝર ભારે પડ્યું છે.



## સુરતમાં ફરી ગ્રીષ્માકાંડ જેવી બીજી ઘટના પ્રેમીપંખીડા ગળુ કપાયેલી હાલતમાં રસ્તા પર મળ્યાં

| સુરત, તા.૧૮ |

ગુજરાતમાં ફરી એકવાર ગ્રીષ્માકાંડ જેવી ધ્રુજાવી દેતી ઘટના બની છે. સુરતમાં ગ્રીષ્માકાંડ જેવો બીજો બનાવ સામે આવ્યો છે. સુરતના માંગરોળના બોરિયા ગામે યુવક-યુવતી ગળા કપાયેલી હાલતમાં મળી આવતા ચકચાર મચી ગઈ છે. બોરિયા રોડ પર યુવક યુવતી લોહી લુહાણ હાલતમાં મળી આવ્યા છે. હાલ પોલીસે ઘટના સ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરી છે. જેમાં યુવતીનું ઈજાના કારણે ઘટના સ્થળે મોત નિપજ્યું છે. તો યુવકને ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર માટે સુરત ખાતે ખસેડાયો છે. યુવક યુવતીએ એકબીજાના ગળા કાપ્યાની ચર્ચા છે. જોકે, આ આપઘાતનો પ્રયાસ કે પછી હીંચકારો હુમલો પોલીસ તપાસ બાદ જ ખબર પડશે.

રાજકોટમાં વેલેન્ટાઈનના પૂર્વ દિવસે ગ્રીષ્માકાંડ જેવી ઘટના બની હતી. પ્રેમમાં નિષ્ફળતા મળતા નાસીપાત થઈ જતા યુવાઓ હવે લોહીના રંગે રંગાઈ રહ્યાં છે. રાજકોટમાં ચોંકાવનારો કિસ્સો બન્યો છે. રાજકોટમાં સંજય મકવાણા (ઉંમર ૩૫ વર્ષ) છુટક મજૂરીકામક રે છે. તેને એક યુવતી સાથે ૧૦ વર્ષથી પ્રેમ સંબંધ હતો. શુક્રવારના રોજ સવારે ૧૧ વાગ્યે યુવતી જંગલેશ્વરના હુસૈની ચોકમાં પોતાની બહેન સાથે માછલી વેચવાના કામમાં વ્યસ્ત હતી, ત્યાર સંજય ત્યાં છરી લઈને આવી ચઢ્યો હતો. યુવતી કંઈ સમજે તે પહેલા તેણે યુવતી પર આડેધડ હુમલા કર્યા હતા. જેથી યુવતી લોહીલુહાણ થઈ ગઈ હતી. સંજયે યુવતીા હાથ, પગ અને પેટના ભાગે છરીના ઘા માર્યા હતા.

### ભારતીય જનતા પાર્ટીએ જૂનાગઢ મનપા સાથે ૬૨ નગરપાલિકા કબજે કરી

# અમિત શાહના વતન માણસામાં ભાજપનો દબદબો નપાની ચૂંટણીમાં કબજે કરી જેટલી ૨૭ બેઠકો

| ગાંધીનગર,તા.૧૮ |

ગુજરાતમાં યોજાયેલી ૬૮ નગરપાલિકા, જૂનાગઢ મહાનગર પાલિકા અને ત્રણ તાલુકા પંચાયતની ચૂંટણીના પરિણામ આવી ગયા છે. ભારતીય જનતા પાર્ટીએ જૂનાગઢ મનપા સાથે ૬૨ નગરપાલિકા કબજે કરી છે. જેમાં માણસા નગરપાલિકા પણ સામેલ છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના મતવિસ્તાર અને વતન માણસામાં ભાજપે કોંગ્રેસનો સફાયો કર્યો છે.

અમિત શાહનું વતન માણસા છે, જ્યાં ભાજપે શાનદાર પ્રદર્શન કર્યું છે. માણસા નગરપાલિકાના ૭ વોર્ડની કુલ ૨૮ બેઠકોમાંથી ભાજપે ૨૭ બેઠકો પર જીત મેળવી છે, જ્યારે માત્ર એક બેઠક કોંગ્રેસને મળી છે. માણસામાં વોર્ડ નંબર ૧,૨,૩,૪,૫,૬ અને સાતમાં ભાજપના તમામ સભ્યો જીત્યા છે. જ્યારે વોર્ડ નંબર ૩માં કોંગ્રેસના એક સભ્યની જીત થઈ છે. નોંધનીય છે કે ૧૯૯૫થી માણસા નગરપાલિકા પર ભાજપનું શાસન છે.માણસામાં ભારતીય જનતા પાર્ટીની શાનદાર જીત બાદ પાર્ટીના કાર્યકરોએ ઉજવણી કરી હતી. અમિત શાહના વતનમાં શાનદાર જીત બાદ કાર્યકરોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો હતો. માણસા નગરપાલિકાની ચૂંટણીમાં ૧૬ ફેબ્રુઆરીએ ૬૪ ટકા જેટલું મતદાન થયું હતું.

ભારતીય જનતા પાર્ટીએ જૂનાગઢ મહાનગર પાલિકા સાથે કુલ ૬૨ નગરપાલિકા પર જીત મેળવી છે. ત્રણેય તાલુકા પંચાયતમાં પણ ભાજપની જીત થઈ છે. ભાજપ માટે સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પરિણામો ઉત્સાહજનક છે. જ્યારે કોંગ્રેસના ખાતામાં માત્ર એક નગરપાલિકા આવી છે. જ્યારે પાંચ નગરપાલિકામાં અન્યની જીત થઈ છે. ગુજરાતમાં યોજાયેલી ૬૮ નગરપાલિકા, જૂનાગઢ મહાનગર પાલિકા અને ત્રણ તાલુકા પંચાયતની ચૂંટણીના પરિણામ આવી ગયા છે. ભારતીય જનતા પાર્ટીએ જૂનાગઢ મનપા સાથે ૬૨ નગરપાલિકા કબજે કરી છે. જેમાં માણસા નગરપાલિકા પણ સામેલ છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના મતવિસ્તાર અને વતન માણસામાં ભાજપે કોંગ્રેસનો સફાયો કર્યો છે. ભારતીય જનતા પાર્ટીએ જૂનાગઢ મહાનગર પાલિકા સાથે કુલ ૬૨ નગરપાલિકા પર જીત મેળવી છે.



## ગિરીશ કોટેચાના પુત્રની હાર, ધારાસભ્ય વિમલ ચુડાસમાની હાર

| જૂનાગઢ, તા.૧૮ |

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પરિણામો જાહેર થઈ રહ્યા છે. ક્યાંક હાર તો ક્યાંક જીતનો જશ્ન જોવા મળી રહ્યો છે. કેટલીક એવી બેઠકો છે, જે આ ચૂંટણી દરમિયાન ચર્ચાનું કેન્દ્ર રહી હતી. આવામાં પરિણામની સાથે-સાથે કેટલીક બેઠકો પર મોટા ઉલટફેરના સામાચાર પણ સામે આવી રહ્યા છે. જેમાં જૂનાગઢ મનપા અને ચોરવાડ નગરપાલિકાનો સમાવેશ થાય છે.સૌથી મોટો ઉલટફેર જૂનાગઢ મનપામાં જોવા મળી રહ્યો છે. કેમ કે, જૂનાગઢ મનપામાં ગિરીશ કોટેચાના પુત્રની હાર થઈ છે. પૂર્વ ડે.મેયર ગિરીશ કોટેચાના પુત્ર પાર્થની હાર થઈ છે. વોર્ડ-૯માં કોંગ્રેસના ઉમેદવારે સામે હારનો સામનો કરવો પડ્યો છે. નોંધનીય છે કે, જૂનાગઢ મહાનગર પાલિકાની ચૂંટણીમાં વોર્ડ નંબર ૯ની પેનલ તૂટી છે. જ્યાં ભાજપ ૩, અપક્ષ ૧, જ્યારે ગિરીશ કોટેચાના પુત્રની હાર થઈ છે.ચોરવાડ નગર પાલિકા ચૂંટણીનું પરિણામ સામે આવી રહ્યું છે, ત્યારે ચોરવાડ નગરપાલિકામાં વોર્ડ-૩માં ધારાસભ્ય વિમલ ચુડાસમાની હાર થઈ છે. કુલ ૬ વોર્ડની ૨૪ બેઠકની આજે મતગણતરી હાથ ધરવામાં આવી રહી છે, ત્યારે ચોરવાડમાં જામેલા જોરદાર જંગ વચ્ચે વોર્ડ-૩માં ધારાસભ્ય વિમલ ચુડાસમાની હાર થઈ છે.

## ધાનેરામાં ખાનગી હોસ્પિટલમાં ગર્ભ પરીક્ષણ! જાગૃત નાગરિકે સ્ટિંગ ઓપરેશન કર્યુ

| પાલનપુર, તા.૧૮ |

બનાસકાંઠાના ધાનેરામાં ખાનગી હોસ્પિટલમાં ગર્ભ પરીક્ષણ કરતો સ્ટિંગ ઓપરેશન કરી જાગૃત નાગરિકે વીડિયો બનાવતા મામલો સામે આવ્યો છે. શુભદેવ મંગલ હોસ્પિટલમાં ગર્ભ પરીક્ષણના તબીબે ૪૫૦૦૦ રૂપિયા લીધાનો મહિલાએ આક્ષેપ કર્યો છે, આ મામલે હેલ્થ ઓફિસર દ્વારા તાત્કાલિક પગલાં લેવાયાં છે.બનાસકાંઠાના ધાનેરા તાલુકામાં શુભદેવ મંગલ હોસ્પિટલમાં ગર્ભ પરીક્ષણ થયાનું સામે આવતા ખળભળાટ મચી ગયો છે. શુભદેવ મંગલ હોસ્પિટલમાં મહિલાએ આક્ષેપ કર્યો છે કે તબીબે ગર્ભ નિરીક્ષણના ૪૫ હજાર લીધા હતા, હોસ્પિટલમાં હાજર નસિંગ સ્ટાફે નિરીક્ષણ કર્યાનો પણ આક્ષેપ કર્યો છે. તેમજ નિરીક્ષણ બાદ પુત્ર હોવાનું જણાવી પાર્ટી આપવાનું કહ્યું હતું, સમગ્ર મામલો એક જાગૃત નાગરિકે સ્ટિંગ ઓપરેશન સમગ્ર મામલે ધાનેરા ટીએચઓને લેખિતમાં અરજી કરાઈ છે. ધાનેરા તાલુકા હેલ્થ ઓફિસર દ્વારા તાત્કાલિક પગલાં લેવાયા છે. હોસ્પિટલનુ સોનાગ્રાફી મશીન સીલ કરી વધુ તપાસ શરૂ કરવામાં આવી છે. બનાસકાંઠાના ધાનેરામાં ખાનગી હોસ્પિટલમાં ગર્ભ પરીક્ષણ કરતો સ્ટિંગ ઓપરેશન કરી જાગૃત નાગરિકે વીડિયો બનાવતા મામલો સામે આવ્યો છે.



### જગતનો તાત કમલ કંડારે તો શું લખે??

# વાંચો તળપદી ભાષામાં એક ખેડૂતે લખીને ગાડાની હૈયાફાટ કરૂણ વેદના

## અરે હૂ વાળીએ રોકાતો ત્યારે અમારી ઉપર દિપળા સુતા એ મર્દાનગી થી અમે જીવ્યા છીએ



। ગાંધીનગર,તા.૧૬ ।

આમ તો મારો જન્મ સવંત ૨૦૦૫ ની આસપાસ પોરબંદર નાં એક લુહાર નાં વાળા માં થયેલો. મારાં શરીર ની બનાવટ માં ધૂસરું. કાગવું.ઉયધૂ.ઓસળ. ઉપરી. પાડો. સળાયા. સમેલું. બધી વસ્તુ સાગ માંથી બનાવેલી. પયળા નાં પાટા. ઉટળો. માકળી.. કાગવું.ધરો.સળાયા .વગેરે લોખંડ માંથી બનાવેલ એ સમય નું લોખંડ પણ એવુ ટકાઉ હો આજે પોણોહો વરહ થયા તોય હજી કાટ નથી બેઠો..એ બધી વસ્તુ ભેગી કરીને એક બીજામાં ફિટ થઈ ને મારો જન્મ થયેલો.મારાં પયણા રાણાવાવ ની બાજુ આવેલા દેવળા ગામ થી મંગાવેલા ને મારાં શરીર સાથે જોળી ને મારો પૂર્ણ રૂપ માં જન્મ થયેલો.મારો જન્મ થતા મારાં ગામથી દૂર જામનગર જિલ્લા નાં જામજોધપુર તાલુકાના ઝીણાવારી ગામ માં ડાયાભાઈ દેવાણંદભાઈ સગર ને ત્યાં મને રૂપિયા ૪૦૦ માં મને વેચેલું..મારું વેચાણ થતા મને ગોરીયો અને રસુલ નામના બે બાલદો ને મારી હારે જોળતા મારી સફર શરૂ થઈ મને પોરબંદર થી રાતે ૮ વાગે સફર ચાલુ થઈ ને સવારે ૬વાગે ૧૨૦ કી. મી કાપીને મારાં કર્મ સ્થળે પુગ્યા.એ સમયે તો મારો જમાનો હો ભાઈ મારી જુવાની ભરપૂર ગામ માં લગન હોઈ તો વરરાજો મારી પીઠ ઉપર બેસે મારી ઉપર ભાત ભાત નાં કલર ફૂલ ગોદળા ઓઢાળી ને મારો શણગાર થાયમારાં ગોરીયો અને રસુલ બળદ ઉપર જુલ્યું. માથાવટી. સિંગરોટી. ધૂઘરા વગેરે થી શણગાર થતો જાન નાં હૂ જાવ ત્યારે અમારી દોળ ની હરીફાઈ થતી અમારી ભર જુવાની માં અમારો અવાજ પણ ન કરીયે એટલા અવાજ વગર અમે દોળતા અને અમારી નાત નાં ગયઢા ગાડાં અમારી હારે કીચળુક કીચળુક મધુર અવાજ કરતા અમને હિંમત આપતાં અમારી હારેજ દોટ મુકતા.. મેં ઘણી જાનુ કરિયું ને મારો પેલો નંબર આવતો એટલે મને જુતેલા મારાં બળદો ને ઘી ની નાળો પવાતી ને શરીરે મધુર સ્પર્શ થતા મારી ઉપર બેસેલો મારાં અસવાર નાં હાથ માં ચલમ જગમગતિ હોઈ મોઢા માંથી દુહા નો લલકાર હોઈ કોઈ સામે મળે તો રામ રામ નાં મધુર સ્વર ગુંજતા હોઈ શું એ જમાનો હતો.. મારી ભેટ માં તલવાર ભાલા જામગરી પડેલી હોઈ ને મર્દ મુસાળા ની સવારી હોઈ ને ઘણીવાર ઢીંગણાં પણ ચાલુ રસ્તે કરેલા ખેતરે મોસમ પાકે એ મગફળી. તુવેર. મગ. મઠ. એ અનાજ મારી પીઠ પર મૂકીને સાંજ પળતા અમે ઘરભણી વાટ પકળતા..સાંજે વાળું કરીને મારાં પળથાર પર બેસી ને ભાભા હાથ માં ચલમ હુક્કો જગાવે ને અલક મલક ની વાતો કરે બાપા નાં ખોળા માં છોકરા સુતા હોઈ એમને વાર્તા સંભળાવતા સત્સંગ થતા.. આજની જેમ કોઈ ની ખણખોદ નોતી કરતા.. સવાર પાળતા ફરી ખેતરે ઉપળતા ને રોજિંદા કામ કરતા ચોમાશું આવતા તો મારાં આખા શરીર ને ઘી તેલ થી તરબોતળ માલીસ કરીને મને ઉંચા પળથાર ની ઓસરી માં મારાં માલિક મને ઉંચકી ને ઓસરી માં વરસાદ ન પળે એમ ઢાંકી ને મૂકી દેતા..આજે તમે ભલે આધુનિક છો પણ તમારા માં તાકાત નથી રહી મારાં માલિક મને એકલા હાથે તેળી ને મને ઓસરી માં ચળાવી દેતા..આજ ભલે આધુનિક યુગ હોઈ તમારી પાસે મર્સીડીઝ.. મ્સઉ જેવી મોંઘી ઘાટ ગાડિયો છે મકાન બંગલો છે પણ અમારા જમાના માં જે સુખ હતું એ તમે આજ ની પેઢી ક્યારેય નાં અનુભવી શકો.એ જમાનો આટલો જળપી નોતો પણ અમે પ્રકૃતિ સાથે જીવ્યા છીએ આજ જે પ્રકૃતિ ને જે બરબાદ કરી છે થોળા સ્વાર્થ ખાતર જીવો ને માર્યા અમુક જીવ નાં આજ નામ નિશાન નથી. લી..મારાં બાપુ )

### મહિલા એક વેબસાઇટ પર સંશોધન કરી રહી હતી

# વડોદરામાં સાયબર ગઠિયાઓએ મહિલાને ૬ દિવસ સુધી ડિજિટલ અરેસ્ટ કરી ૬૧ લાખ પડાવ્યાં

। વડોદરા, તા.૧૮ ।

વડોદરાના ગોત્રી વિસ્તારમાં સાયબર ગઠિયાઓએ એક મહિલાને ૬ દિવસ સુધી ડિજિટલ અરેસ્ટ કરી ૬૧ લાખ રૂપિયા પડાવી લીધા છે.

દેશભરમાં ડિજિટલ ધરપકડ કરનારા ઓનલાઈન લૂંટારાઓ મની લોન્ડરિંગ કેસના નામે હાઈ-પ્રોફાઈલ લોકોને નકલી આઈપીએસ,સીબીઆઇ અધિકારીઓ અને ક્યારેક દેશદ્રોહી, આતંકવાદી, બળાત્કારી, દાણચોર કહીને લાખો-કરોડ રૂપિયા લૂંટે છે. તેમને કલાકો સુધી પોતાના ઘરમાં બંધ રહેવાની ફરજ પડી રહી છે. ત્યારે ગુજરાતમાં પણ આવી જ બીજી ઘટના બની છે. વડોદરામાં એક મહિલા ડિજિટલ ધરપકડનો ભોગ બની છે.ગોત્રીમાં સાયબર માફિયાઓએ એક મહિલાને ૬ દિવસ સુધી ડિજિટલી બંધક બનાવીને તેની પાસેથી ૬૧ લાખ રૂપિયા પડાવી લીધા. તે મહિલા એક વેબસાઈટ પર સંશોધન કરી રહી હતી. મુંબઈ પોલીસ અને સાયબર ક્રાઈમના નામે મહિલાને વીડિયો કોલ કરવામાં આવ્યો હતો. મહિલાને ધમકી આપવામાં આવી હતી કે તેનું નામ મની લોન્ડરિંગ કેસમાં છે. મુંબઈનું એક નકલી ઓળખપત્ર પણ મોકલવામાં આવ્યું હતું, ત્યારબાદ એક પત્ર મોકલવામાં આવ્યો હતો જેમાં જણાવવામાં આવ્યું હતું કે પૈસા સરકારી તિજોરીમાં જમા કરવામાં આવ્યા છે. જે ખાતાઓમાં ભંડોળ ટ્રાન્સફર કરવામાં આવ્યું હતું તે મહારાષ્ટ્ર, કેરળ અને ચેન્નાઈના હતા.

# સુરતમાં બે મોટા ભયાનક રોડ અકસ્માત, ૫ યુવકોના મોતથી વિસ્તારમાં હડકંપ

। સુરત, તા.૧૮ ।


રાજ્યમાં અકસ્માતોની વણઝાર ચાલી રહી છે, ત્યારે ગુજરાતમાં આજના દિવસે સુરતમાં બે મોટી અકસ્માતની ઘટના સામે આવી રહી છે. ઉમરપાડાના વાડી-ઉમરઝર ગામ રોડ પર ઈકો કાર અને બાઈક વચ્ચે થયેલા અકસ્માતમાં ત્રણ યુવકના મોત થયાં છે, જ્યારે ઉમરાથી અઠવાગેટ તરફ જતી વેળાએ મોટર સાયકલ ડિવાઈડર સાથે ભટકાતા બે યુવકોના મોત થયા છે. આ ઘટના પારલે પોઈન્ટના બ્રિજ પર ગંભીર અકસ્માતની ઘટના બની છે. જેમાં ડિવાઈડર સાથે ભટકાતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત બંને યુવાનોની ટૂંકી સારવાર બાદ મોત થયું છે. એકની હાલત ગંભીર હોવાનું જાણવા મળી રહ્યું છે.

સુરત અકસ્માતમાં ત્રણ યુવકના કમકમાટીભર્યા મોત થયા છે. ઉમરપાડાના વાડી-ઉમરઝર ગામ રોડ પર આ અકસ્માત થયો છે. જેમાં ઈકો કાર અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો છે. ગંભીર ઈજાના કારણે બાઈક સવાર ત્રણ યુવકના મોત નીપજ્યા છે. મૃતક યુવકો સાગબારા તાલુકાના વતની હોવાનું જાણવા મળી રહ્યું છે.

# જુનાગઢના ચિતાખાના ચોક ખાતે વિજય સરઘસ દરમિયાન જૂથ અથડામણ

। જૂનાગઢ, તા.૧૮ ।

જુનાગઢમાં ૬૦બેઠકમાટેનાજંગમાં જ્યાં ભાજપે ૪૮ અને કોંગ્રેસે ૧૧ બેઠક જીતી છે, ત્યાં એક ઘટનાએ ચિતાખાના ચોકમાં હંગામો થયો છે. એમણે પોતાનાં વિજય સરઘસમાં ઉત્સાહપૂર્વક ભાગ લેનારા કોંગ્રેસના કાર્યકરો પર હુમલો કર્યો હતો. આ હુમલામાં આરોહણ કરતી દૃષ્ટિએ આશરે ૩૦ થી વધુ લોકો સામેલ હોવાના આલમ છે.મળતી માહિતી અનુસાર, જુનાગઢ કોંગ્રેસના સરઘસમાં અથડામણનો મામલો સામે આવ્યો છે. જુનાગઢના ચિતાખાના ચોક ખાતે બે જૂથ વચ્ચે અથડામણ થઈ હતી. ૧૮મી ફેબ્રુઆરીના રોજ કોંગ્રેસના વિજય પછી ચિતાખાના ચોકમાં ઉત્સાહિત વિજય સરઘસ સામે મોટી અથડામણ બની. જેના કારણે મેદાની વિવાદ વ્યાપી ગયો હતો. આ સમગ્ર મામલાની ગભીરતા જોતા જિલ્લા પોલીસ વડા,ડીવાયએસપી સહિતના અધિકારીઓ ઘટના સ્થળે પહોચ્યા હતા.જુનાગઢ પોલીસ દ્વારા સમગ્ર વિસ્તારમાં ફૂટ પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું.જૂનાગઢમાં કોંગ્રેસના વિજય સરઘસ પર હુમલો કરાયો, આપના પરાજિત ઉમેદવારોના ટેકેદારોએ કર્યો તે બાબતે હુમલો કર્યાની ચર્ચાઓ ચાલી રહી છે. જુનાગઢના વોર્ડ નંબર-૮ ચિતાખાના ચોક વિસ્તારની ઘટના બની, વિજય સરઘસમાં હુમલો થતા પોલીસ ઘટના સ્થળે પહોંચી. પોલીસે હુમલાખોરોને ઝડપી પાડવા પોલીસે પેટ્રોલિંગ હાથ ધર્યું છે. અંદાજે ૩૦થી વધુ લોકોએ હુમલો કર્યાની શંકા વર્તાઈ રહી છે. ચિતાખાના ચોક પાસે બે જૂથ વચ્ચે અથડામણ થઈ હતી. જીત બાદ કોંગ્રેસે વિજય સરઘસ કાઢતા મામલો બિચકયો હતો. અથડામણમાં મહિલા પોલીસને ધક્કો વાગતા માથાના ભાગે ઈજાઓ પહોંચી છે. વિસ્તારમાં પોલીસનું ફૂટ પેટ્રોલિંગ, અત્યાર સુધી ૩ની અટકાયત કરાઈ છે. પોલીસે શોધખોળ કરીને વધુ લોકોની અટકાયત કરવા તજવીજ હાથ ધરી છે.પોલીસે ઘટનાને ગંભીરતાથી લેવામાં આવી છે.






## તંત્રી લેખ...

# પરિણામ જરૂરી

દેશના લોકો છેલ્લા ઘણા વર્ષોથી મોંઘવારી અને બેરોજગારીના મોરચા પર નક્કર પરિણામોની રાહ જોઇ રહ્યા છે પરંતુ પરિણામ ઇચ્છિત મળી રહ્યા નથી. રોજગારી અને મોંઘવારીના પ્રશ્ને કોંગ્રેસે હલ્લાબોલ જારી રાખ્યો હોવા છતાં સરકાર પર તેની અસર થઇ રહી નથી. લોકો ઘણા સમયથી નક્કર પરિણામોની રાહ જોઇ રહ્યા છે પરંતુ અપેક્ષા મુજબના પરિણામ નોકરી અને મોંઘવારીના સંબંધમાં મળી રહ્યા નથી. આવી સ્થિતીમાં સામાન્ય લોકો પણ હવે વધારે રાહ જોવા માટે તૈયાર નથી. કોરોના વાયરસના દોરમાં રોજગારી લોકોની જઇ રહી છે. લોકો મુશ્કેલીમાં મુકાઇ રહ્યા છે. આવી સ્થિતીમાં રોજગારીના મોરચા પર સાવધાની જરૂરી બની છે. પગલાની પણ જરૂર દેખાઇ રહી છે. લોકોની રોજગારી બચે અને વધુ રોજગારી સર્જાય તેવા કોઇ પગલા જાહેર થઇ રહ્યા નથી. લોકો નારાજ પણ દેખાઇ રહ્યા છે. આના કેટલાક સંકેત પણ મળી ચુક્યા છે. નવી નવી યોજનાઓ જાહેર કરવાની બાબત એટલી મહત્વપૂર્ણ નથી જેટલી મહત્વપૂર્ણ બાબત જે યોજના છે તેના અમલીકરણની છે. લોકોને લોકલક્ષી યોજનાના લાભ ઝડપથી અને સારી રીતે મળે તે જરૂરી છે અને દેશના લોકો આ જ ઇચ્છે પણ છે. આવી સ્થિતીમાં મોદી સરકાર લોકોને સંતુષ્ટ કરવા નવાવર્ષમાં આના પર જ ધ્યાન આપે તે જરૂરી છે. રોજગારીને વધારી દેવા અને મોંઘવારી પર બ્રેક મુકવા સહિતના કેટલાક પગલા ઝડપી લઇને લોકોને રાહત આપવાની તાકીદની જરૂર દેખાઇ રહી છે. જો આ પગલા નહી લેવાય તે મોદી પ્રત્યે લોકોનો વિશ્વાસ હવે ઘટી શકે છે. થોડાક સમય પહેલા રાષ્ટ્રીય કૌશલ્ય વિકાસ મિશનની શરૂઆત કરી દેવામાં આવી હતી. સાથે સાથે ફરી એકવાર કરોડો લોકોને નોજરી મળશે તેવુ સ્વપ્ન પણ બતાવી દેવામાં આવ્યુ હતુ. દરેક ગરીબને સેનિક તરીકે ગણાવીને વડાપ્રધાન મોદીએ દસ વર્ષની પ્રગતિની યોજના તૈયાર કરવાની વાત પણ કરી હતી. યુવાનોને રોજગારી કઇ સરકાર આપવા માંગતી નથી. તમામ ઇચ્છે કે દરેક હાથને કામ મળે પરંતુ માત્ર ભાષણથી આ બાબત શક્ય બનશે નહી. મોદી સરકાર સત્તામાં હવે પુરતો ગાળો થઇ ગયો છે પરંતુ પરંતુ હજુ સુધી કોઇ નક્કર પરિણામ મળ્યા નથી. લોકસભા ચૂંટણી પહેલા પણ મોદીએ યુવાનોને રોજગારી આપવાના મોટા મોટા વચન આપ્યા હતા. હવે મોદીને આ બાબત લોકોને બતાવી દેવાની જરૂર છે કે હજુ સુધી તેમના સરકારના ગાળા દરમિયાન કેટલા લોકોને રોજગારી મળી છે. સાથે સાથે આવનાર સમયમાં ક્યારે કેટલા લોકોને કઇ રીતે નોકરી આપવાની યોજના તૈયાર કરવામાં આવી રહી છે. દેશના લોકો હવે જાણવા માંગે છે. કારણ કે આશા જાગી છે. લોકોને મોદી પાસે ઘણી આશા છે. તમામ લોકોને હવે પરિણામનો ઇન્તજાર છે. નહેરુથી લઇને મોદી સુધી દરેક વડાપ્રધાને મોટા મોટા વચન યુવાનો અને દેશના લોકોને આપ્યા છે. યુવાનોને રોજગારી આપવાના પણ અને મોંઘવારીને જડમૂળતી નાબુદ કરવાના વચન પણ આપવામાં આવ્યા છે.

# ઓફિસમાં ટેકનોલોજી પણ ફિટ રાખશે

મોટા ભાગના લોકો હવે ડેસ્ક વર્ક કરવા લાગી ગયા છે. આવી સ્થિતીમાં વર્ક એરિયામાં ફિટ રહેવા માટેની ચિંતા તેમને સતાવવા લાગી ગઇ છે. પરંતુ આધુનિક સમયમાં સાવધાન અને જાગૃત રહેલા લોકો આને લઇને પણ વધારે પરેશાન નથી. કેટલાક ખાસ એપ્સ અને ડિવાઇસનો ઉપયોગ કરીને વર્ક સ્ટેશન પર પણ સંપૂર્ણપણે ફિટ રહી શકાય છે. ઓફિસમાં ટેકનોલોજીની મદદ લઇને ફિટ રહી શકાય છે. સ્ટ્રેચિંગ એવી સરળ અને તરત કરી શકાય તેવી એક પ્રકારની કસરત છે જે ડેસ્ક પર પણ કરી શકાય છે. સિમારિમના એક મિનિટ ડેસ્ક વર્ક આઉટ એપ આઇઓએસ ડિવાઇસ પર કામ કરે છે. તેમાં ૪૫થી વધારે કસરત રહેલી છે. જે ડેસ્ક પર એક્ટિવ રાખે છે. તે દર કલાકે વ્યાયામ માટે રિમાન્ડર પણ મોકલે છે. એન્ડ્રોઇડ યુઝર્સ આઇ મોબલાફ ઇન્કના સ્ટ્રેચ એક્સરસાઇઝ કામમાં લઇ શકો છો. નિષ્ણાંતો કહે છે કે જો કોઇ વ્યક્તિ પીઠમાં પિડાના કારણે પરેશાન છે તો ફોનની અલાર્મ ક્લોકથી દર કલાકમાં બ્રેક લેવા માટે રિમાન્ડર સેટ કરી શકો છો. આપ એન્ડ્રોઇડ માટે રિમાઇન્ડ અલાર્મ ક્લોક અને બ્રેક રિમાઇન્ડર કામમાં લઇ શકો છો. એટલુ નહીં આઇઓએસ માટે ફ્રી એલાર્મ એપનો ઉપયોગ પણ કરી શકાય છે. હવે મોટા ભાગના કામ માટે ડિસ્પ્લે કામમાં આવે છે. આના કારણે આંખો પર દબાણ વધે છે. બ્રાઇટનેસ લેવલને ઘટાડી દેવાના બદલે એપ ઉપયોગમાં લઇ શકાય છે. જે બ્લુ લાઇટ ફિલ્ટરના રૂપમાં કામ કરે છે. સ્ક્રીનમાંથી નિકળનાર બ્લુ લાઇટ આંખમાં થનાર ટેન્શન માટે કારણરૂપ છે. એન્ડ્રોઇડ યુઝર્સ લુલાટ ફિલ્ટર અથવા તો ટ્વીલાટ એપ કામમાં લઇ શકે છે. બંને એપ સ્ક્રીનના રંગને વ્યવસ્થિત કરે છે. એપ્પલ આઇઓએસમાં પહેલાથી જ લાઇટ ફિલ્ટર મોડ જેડી દેવામાં આવ્યા છે. તમે મોબાઇલ ફોનમાં ખાસ એપ ડાઉનલોન કરીને યોગ કરી શકો છો. બ્રેક લઇ શકો છો. રોગમુક્ત રહી શકો છો. યોગ કરવાના કેટલાક ફાયદા રહેલા છે. યોગના તમામ વ્યાયામ કરવા માટે આપને વધારે સ્પેસની જરૂર હોય છે. જો તમે ડેસ્ક પર યોગ કરવા માટે રસ ધરાવો છો તો ઓફિસ યોગા એટ યોર ડેસ્ક એપનો ઉપયોગ કરી શકો છો. આ આઇઓએસ માટે ૨.૯૯ અમેરિકી ડોલરમાં છે. તે થ્રીડી યોગ ઇન્સ્ટ્રકર વિડિયો દર્શાવે છે. એન્ડ્રાઇડ યુઝર્સ ફ્રી ડેલી યોગા એપ કામમાં લઇ શકે છે. આના કારણે ટેન્શનને દુર કરવામાં સફળતા મળે છે.



### ભારત-અમેરિકાના વૈજ્ઞાનિકો મળીને હવાને સ્વચ્છ કરવા લાગેલા છે

**અમેરિકા વાયુ પ્રદુષણને ઘટાડી દેવા માટે ભારતના પ્રયાસોમાં મદદરૂપ છે અમારી પાસે કેટલાક મદદરૂપ બને તેવા ટેકનોલોજી નિષ્ણાંત લોકો રહેલા છે સાથે સાથે ટોપના સાધન પણ છે**


# વાયુ પ્રદુષણ રોકવા અમેરિકા સાથે છે

**અમેરિકા ઉત્સર્જનને ઘટાડી શકે તેવા સાધનો, આધુનિક ઇલેક્ટ્રિક ટેકનોલોજી સાધનો દ્વારા ભારતની મદદમાં : હવાની ગુણવત્તા પર કામ**

વાયુ પ્રદુષણને લઇને પારસ્પરિક વધારે સારી સમજ ઉભી કરવા અને વાયુ પ્રદુષણના સ્તરને ઘટાડી દેવા માટે ભારત અને અમેરિકાના વૈજ્ઞાનિકો ખુબ નજીકના અંતરથી કામ કરી રહ્યા છે. જો કે અમેરિકાનુ સૌથી મોટી યોગદાન તેના દ્વારા ભુતકાળમાં કરવામાં આવેલા સંઘર્ષને લઇને હોઇ શકે છે. જો અમેરિકાના સંઘર્ષથી ભારત શિખી શકશે તો લાભ વહેલી તકે થશે. અમેરિકા વાયુ પ્રદુષણને ઘટાડી દેવા માટે ભારતના પ્રયાસોમાં મદદરૂપ છે. અમારી પાસે કેટલાક મદદરૂપ બને તેવા ટેકનોલોજી નિષ્ણાંત લોકો રહેલા છે. સાથે સાથે ટોપના સાધન પણ છે. જે વાયુ પ્રદુષણના સ્તરને ઘટાડી શકે છે. જેમાં કે સ્ક્રબર છે. જે તાપ વીઝળી સાધનો અને ઉપકરણોમાંથી નિકળનાર ઉત્સર્જનના પ્રમાણને ઘટાડી દે છે.



એવા સાધનો પણ ઉપયોગી રહે છે જે ડિઝલના વાહનોમાં રેટ્રોફિટ થઇ જાય છે. સાથે સાથે ઉત્સર્જન ઘટાડી નાંખે છે. આ ઉપરાંત પણ અતિ આધુનિક ઇલેક્ટ્રિક વાહન ટેકનોલોજી છે. અમારા વૈજ્ઞાનિકો અમેરિકાના વૈજ્ઞાનિકો સાથે મળીને કામ કરી રહ્યા છે. અમેરિકાના નિષ્ણાંતો પણ એક બાબત તો કબુલ કરે છે કે ભારતીય લોકો અને સરકાર યોગ્ય દિશામાં આગળ વધી રહી છે. વાયુ પ્રદુષણને ઘટાડી દેવામાં આવનાર દિવસોમાં મદદ મળી શકે છે. ભારત વાયુ પ્રદુષણને રોકવા માટે સતત પ્રયાસરત છે. ભારત દ્વારા સ્થાનિક ડેટા પર ભાર મુકે છે. જેના આધાર પર નક્કર ઉકેલ શોધી કાઢવા માટેના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. અમેરિકા આ દિશામાં ભારતને સહાયતા કરવા માટે તૈયાર છે. અમેરિકા પણ માને છે કે પોતાના સમૃદ્ધ ભવિષ્ય માટે ભારત પણ સ્વસ્થ રહે તે જરૂરી છે. વાયુ પ્રદુષણ કેટલા હદ સુધી ખતરનાક બને છે તેના પુરવા વારંવાર અભ્યાસ મારફતે મળતા રહે છે. જીનેવા સ્થિત વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન (ડબલ્યુએચઓ) એ પોતાના અહેવાલમાં કહ્યું છે કે દર વર્ષે વાયુ પ્રદુષણના કારણે વિશ્વભરમાં ૨ મિલિયન અથવા તો ૨૦ લાખ લોકોના મોત થઇ જાય છે. ડબલ્યુએચઓ દ્વારા એકત્રિત કરવામાં આવેલા ડેટામાં આ મુજબ જણાવવામાં આવ્યું છે. અહેવાલમાં જણાવવામાં આવ્યુ છે કે ૫૧ દેશોના ૧૧૦૦ શહેરોમાંથી આંકડા એકત્રિત કરવામાં આવ્યા છે. આ આંકડા મુજબ હવાઇ પ્રદૂષણનું સ્તર સતત વધી રહ્યું છે. આના કારણે હાર્ટ સાથે સંબંધિત રોગ, ફેંફસાના કેન્સર, અસ્થમા અને શ્વાસ લેવાની તકલીફ તેમજ અન્ય ઇન્ફેક્શન રોગોનો સમાવેશ થાય છે. ઘણા શહેરી વિસ્તારોમાં આ તમામ રોગ સામાન્ય બની ચૂક્યા છે. કેટલાક શહેરોમાં પ્રદૂષણની સપાટી ડબલ્યુએચઓની માર્ગદર્શિકાની સરખામણીમાં ૧૫ ઘણી વધારે છે. વિકાસશીલ અને વિકસીત બંને દેશોમાં હવાઇ પ્રદૂષણ માટે જે પરિબળો જવાબદાર છે તેમાં વાહન પરિવહન, નાના પાયાના ઉદ્યોગો અને અન્ય મોટા ઉદ્યોગોનો સમાવેશ થાય છે. ઉપરાંત બાયોમાસ સળગાવવા અને કુકીંગ માટે કોલસાને લઇને પણ પ્રદુષણ ફેલાય છે. હવાઇ પ્રદુષણમાં અન્ય પરિબળો પણ યોગદાન આપે છે. વાયુ પ્રદુષણ રોકવામાં આવે તે જરૂરી છે.



### દરેક વયમાં જોબ શોધવાના તરીકા બદલાઇ જાય છે તે ચોક્કસ છે...

**આ તો કડવી વાસ્તવિકતા છે કે વય વધવાની સાથે સાથે જોબ શોધવાની બાબત વધારે મુશ્કેલ રૂપ બનતી જાય છે જોબ માર્કેટમાં કો પણ કંપની યુવાનોને પ્રથમ પ્રાથમિકતા આપે છે આના માટેના કેટલાક કારણો હોય છે**

# દરેક વયમાં સારી જોબ મળી શકે છે

**વય વધવાની સાથે સાથે જોબ શોધવાની બાબત વધુને વધુ મુશ્કેલ બનતી જાય છે : જોબ માર્કેટમાં યુવાનોને વધારે તક મળવાના ઘણા કારણ છે**

એવી ધારણા ખોટી છે કે મોટી વયમાં સારી જોબ મળી શકે નહી. કોઇ પણ વયમાં સારી નોકરી મળી શકે છે તેમાં કોઇ બે મેત નથી. જો કે આના માટે તરીકા જુદા જુદા હોય છે. દરેક વયમાં જોબ શોધી કાઢવાની પ્રક્રિયા અને તરીકા બદલાતા જાય છે. આને લઇને પણ અભ્યાસની કામગીરી વિતેલા વર્ષોમાં નિષ્ણાંતો દ્વારા હાથ ધરવામાં આવી ચુકી છે. જેમાં કેટલીક મહત્વપૂર્ણ બાબત સપાટી પર આવી છે. દરેક વયમાં જોબ શોધવાની પદ્ધિતી સુ રહેલી છે તેના પર ધ્યાન આપવામાં આવે તો કેટલીક બાબતોને સારી રીતે સમજી શકાય છે. આ તો કડવી વાસ્તવિકતા છે કે વય વધવાની સાથે સાથે જોબ શોધવાની બાબત વધારે મુશ્કેલ રૂપ બનતી જાય છે. જોબ માર્કેટમાં કો પણ કંપની યુવાનોને પ્રથમ પ્રાથમિકતા આપે છે. આના માટેના કેટલાક કારણો હોય છે. ભારતમાં મોટા ભાગે હાયરિંગ મેનેજર અનુભવ કરતા વધારે યુવાનોને મહત્વ આપવામાં આવે છે. તેમને લાગે છે કે દેશમાં યુવાનો ખુબ મોટી સંખ્યામાં છે. જેથી ઓછા પૈસામાં વર્કફોર્સ જરૂરી પ્રમાણમાં મળી જાય છે. યુવાનો એનર્જીથી સજ્જ અને ભરેલા હોય છે. આયુવાનો લાંબા સમય સુધી કામ કરી શકે છે. હાયરિંગ મેનેજર વિચારે છે કે સતત ટેકનોલોજી બદલાઇ રહી છે અને આવી સ્થિતીમાં યુવાનો નવી ટેકનોલોજીને વધારે



ઝડપથી સારી રીતે શિખી શકે છે. બિઝનેસ માહોલમાં અનુભવની કોઇ વેલ્યુ હવે રહી નથી. જુદી જુદી વયમાં જોબ સર્ચ કરતી વેળા જુદી જુદી રણનિતી અપનાવવામાં આવે છે. ૩૦ વર્ષની વયમાં જોબ સર્ચ પર ધ્યાન આપવામાં આવે તો કેટલીક વિગત ઉભરીને સપાટી પર આવી છે. કેટલીક સ્કીલ હાંસલ કરવામાં આવે છે. રેજ્યુમ પણ શાનદાર રાખવામાં આવે છે. કઇ રીતે પોતાના કેરિયરને દિશા આપી શકાય છે તે બાબત ઉપયોગી હોય છે. આ વયમાં પુરતા પ્રમાણમાં જોખમ લઇ શકાય છે. સાથે સાથે મનની વાત સાંભળી શકવાની સ્થિતી હોય છે. ખરાબ દિવસો માટે કેટલાક મહિનાના પગારને રીઝર્વ રાખવામાં આવે તે જરૂરી છે. દરેક પ્રકારના ઇન્ટરવ્યુ અને ઇન્ટરેક્શનથી કેટલીક નવી બાબત શિખવા મળે તે જરૂરી છે. દરેક સપ્તાહમાં છથી આઠ કલાકનો સમય સર્ચ અને એન્જોય તેમજ લર્ન માટે નક્કી કરવામાં આવે તો ઉપયોગી સાબિત થાય છે. એવા અવસરની શોધ કરવી જોઇએ જેના કારણે પ્રગતિની તક વધારે રહે છે. કામ પર પ્રભાવ છોડી શકાય તેવી કેરિયરની હમેંશા પસંદગી કરવાની વિચારણા કરવી જોઇએ. વર્તમાન કંપનીમાં સ્વૈચ્છા સાથે લીડરશીપ રોલ કરવા માટે તૈયારી રાખવી જોઇએ. આ રીતે મોટા કામમાં પોતાની ભૂમિકા મોટી રહે તેવા કામ કરવા જોઇએ. પોતાના સહ કર્મચારીઓ, ક્લાઇન્ટો, જુના બોસ અને ઇન્ડસ્ટ્રીઝ પ્રોફેસરની સાથે સંબંધ કુબ સાનુકુળ રાખવા જોઇએ. ભવિષ્યની નોકરી માટે પ્રોફેશનલ નેટવર્ક રહે તેવી બાબત પર વધારે ધ્યાન આપવાની જરૂર છે. પોતાના વર્તમાન એમ્પ્લોયરને રોલ બદલી નાંખવા માટે પણ રજૂઆતો કરવી જોઇએ. ૪૦ વર્ષની વયમાં દરેક વ્યક્તિ માટે ટર્નિંગ પોઇન્ટ હોય છે. આ ગાળામાં મોટા ભાગના પ્રોફેશનલ સૌથી વધારે કામ કરી શકે તેવી સ્થિતીમાં હોય છે. જોબ સર્ચ દરમિયાન પોતાની સામે સૌથી મોટા પડકારો, નવા એમ્પ્લોયરની સામે પોતાને કુશળ સાબિત કરવાની આ સુવર્ણ તક હોય છે. તમે જે પ્રભાવ છોડવા માટે ઇચ્છુર છો જે પરંપરાનુ નિર્માણ કરવા માટે ઇચ્છુક છો તે તમામ બાબતને ધ્યાનમાં લઇ શકાય છે. આપના માટે યોગ્ય લાગે તે પ્રકારની બાબત પર ધ્યાન આપવાની જરૂર હોય છે. તમે જે પ્રકારની સંતુષ્ટિ અને વાતાવરણ ઇચ્છો છો તે પ્રકારની જોબ શોધી કાઢવા માટેના પ્રયાસ કરવા જોઇએ. ટેન્શન લેવા માટેની કોઇ જરૂર નથી. પાંચ વર્ષની વયમાં જુદા જુદા પ્રકારના અનુભવ લેવાના પ્રયાસ કરવા જોઇએ. શિખવા માટેના અવસર પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે તે જરૂરી છે. શરૂઆત કરતા પહેલા તમામ પ્રકારની સ્કીલ ગે માહિતી મેળવી લેવી જોઇએ. ફોર્મલ ડ્રેસ પહેરીને ઇન્ટરવ્યુના અભ્યાસ કરવામાં આવે તે બાબત પણ ઉપયોગી હોય છે. આધુનિક સમયમાં કેટલીક બાબતોને ખાસ રીતે ધ્યાનમાં રાખીને કેરિયરમાં કોઇ પણ તબક્કામાં સારી નોકરી મેળવી શકાય છે. કેરિયરમાં હજુ સુધીની પ્રગતિની નોંધ પણ તૈયાર રાખવાની જરૂર હોય છે. એવા પ્રકારના બાયો ડેટા તૈયાર કરવા જોઇએજે તમારી કુશળતાને સારી રીતે રજ કરી શકે છે. જો તમે કંપનીને આ બાબત દર્શાવવામાં સફળ થઇ રહ્યા છો કે તમારી પાસે કામનો અનુભવ વધારે પ્રમાણમાં છે તો સારી તક મળી શકે છે. ઉંચા પગાર પણ મળી શકે છે. આધુનિક સમયમાં મિડિયામાં દરેક પ્રકારની બાબત સારી રીતે રજૂ કરવામાં આવે છે જેથી આના કારણે લાભ લઇ શકાય છે.

### માત્ર હાયર એજ્યુકેશનના કારણે જ હવે જોબ મળનાર નથી...

# એજ્યુકેશનની સાથે સાથે અનુભવ અને સ્કીલ્સ પણ જરૂરી બની ગઇ છે : કંપનીઓ પાસે સૌથી સક્ષમ ઉમેદવારની પસંદગીના ઘણા વિકલ્પો

હાલના સમયમાં દરેક વિદ્યાર્થી ઉંચીથી ઉંચી ડિગ્રી હાંસલ કરવાના પ્રયાસમાં છે. બીજી બાજુ બજારમાં સંકેત સારા દેખાઇ રહ્યા નથી. ટાઇટ લેબર માર્કેટના લીધે જ શિક્ષણના મહત્વને સમજી શકાય છે. આજ કારણ છે કે હવે કોલેજ પણ મોંઘી બની ગઇ છે. કેટલાક વર્કરો માટે તો આ તમામ બાબતો ખુબ ખર્ચાળ તરીકે છે. આમાં સમય પણ ખુબ વધારે લાગે છે. વર્તમાન સમયમાં બજારમાં રોજગારીની અછત દેખાઇ રહી છે. પુરતા પ્રમાણમાં રોજગારી કુશળ લોકોને પણ મળી રહી નથી. આવી સ્થિતીમાં મોટા ફેરફાર જોવામાં આવી રહ્યા છે. જે જોબમાં ઓછી યોગ્યતાવાળા લોકોને રાખવામાં આવે છે ત્યાં હવે વધારે યોગ્યતાવાળા વિદ્યાર્થીઓને રાખવામાં આવી રહ્યા છે. બેરોજગારી વધી રહી છે જેથી કુશળ લોકો પણ ઓછા મહત્વવાળા જોબમાં નોકરી કરી રહ્યા છે. ભરતીની પ્રક્રિયામાં અથવા તો હાયરિંગ પ્રોસેસમાં હવે વધારે અનુભવવાળા અને ઉચ્ચ શિક્ષણવાળા વિદ્યાર્થીઓને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. આવી સ્થિતીમાં હવે વધતી જતી સ્પર્ધાના યુગમાં એજ્યુકેશનની સાથે સાથે સ્કિલ હાંસલ કરવાની જરૂર દેખાઇ રહી છે. જ્યારે બેરોજગારીનો દર વધારે હોય છે ત્યારે લોકો ઉચ્ચ શિક્ષણ હાંસલ કરીને વધારે કમાણી કરવાના પ્રયાસ કરે છે. બેરોજગારીનો દર અલગ અલગ વિચારધારાને જન્મ આપે છે. વિદ્યાર્થીઓ આધુનિક સમયમાં વધારે ખર્ચ કરીને પણ ઉંચી ડિગ્રી હાંસલ કરવાના પ્રયાસ કરી રહ્યા છે. એવુ નથી કે હવે જોબ માટે કોઇ ખાસ અનુભવ અને શિક્ષણની જરૂર છે. પરંતુ કંપની પાસે હવે વિકલ્પ વધી ગયા છે. આવી સ્થિતીમાં તે સૌથી કુશળ અને હોશિયાર ઉમેદવારની જ પસંદગી કરે છે. પરેશાની એ છે કે તેમાં પ્રોડક્વિટી પર ખાસ અસર પડી રહી નથી. ભારતમાં બેરોજગારીનો દર વધી રહ્યો છે. આવી સ્થિતીમાં વધારે એજ્યુકેશન હાંસલ કરીને આગળ વધનારને જ રોજગારી મળનાર છે તે બાબત તો નક્કી છે. એજ્યુકેશનની સાથે સાથે અનુભવને પણ જોવામાં આવે છે. આ ઉપરાંત જે ઉમેદવાર સૌથી ઓછા પૈસામાં કામ કરવા માટે તૈયાર છે તેને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. દરેક વ્યક્તિ એજ્યુકેશન પર વધારે ખર્ચ કરે છે. જો કે હવે શિક્ષણ માત્ર એક ડિગ્રી બનીને રહી ગઇ છે. કારણ કે જોબ માર્કેટમાં ટ્રેન્ડ બદલાઇ રહ્યા છે. કેટલીક વખત તો કુશળ વ્યક્તિને પણ જોબ મળી રહ્યા નથી. આવી સ્થિતીમાં શિક્ષણ પર ઓછા ખર્ચ સાથે ઉપયોગી સ્કીલ પર પૈસા ખર્ચ કરી રહ્યા છીએ તો અમને ફાયદો થઇ શકે છે. એમ કહેવામાં આવી રહ્યુ છે કે ટેકનોલોજી, ગ્લોબલાઇજેશન અને એજ્યુકેશનના કારણે કોઇ પણ દેશમાં આર્થિક અસમાનતા જોવા મળી રહી છે. જો તમારી પાસે વધારે શિક્ષણ છે તો તેનુ કોઇ મહત્વ એ વખત સુધી નથી જ્યાં સુધી તેને યોગ્ય રીતે ઉપયોગમાં લેવામાં ન આવે. મહત્વપૂર્ણ બાબત એ છે કે તમે કેટલા ઓછા પૈસામાં કામ કરવા માટે તૈયાર થઇ રહ્યા છો. હવે દરેક વ્યક્તિ શિક્ષિત છે. શિક્ષણ અને અસમાનતાના લિન્કની વાત જુની બની ચુકી છે. આધુનિક અર્થવ્યવસ્થાને ગતિ આપવા માટે કોઇ યુવાને કેટલી શિક્ષણા હાંસલ કરવી જોઇએ તે બાબત ઉપયોગી બની ગઇ છે. તેના પર વિસ્તૃત ચિંતન કરવામાં આવે તે જરૂરી છે. હવે સમય આવી ગયો છે જ્યારે અમને શિક્ષણ હાંસલ કરવાના તરીકામાં ફેરફાર કરવા પડશે.






Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD

Learn Ethical Hacking & Cyber Security

WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

TRAINING BY:- THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT


ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now
C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234
info@cyberoctet.com
www.cyberoctet.com



૨ લોકોના સારવાર દરમિયાન મોત થયા હતા

# મધ્યપ્રદેશના ભિંડમાં થયેલા માર્ગ અકસ્માતમાં ૭ લોકોના દુઃખદ મોત

। ભિંડ, તા.૧૮ ।

મધ્યપ્રદેશના ભિંડમાં મંગળવારે સવારે એક મોટો માર્ગ અકસ્માત થયો. અહીં એક પરિવાર તેમની બહેનના ઘરે લગ્ન સમારોહમાંથી પરત ફરી રહ્યો હતો, જેને એક ઝડપી ડમ્પરે કચડી નાખ્યો હતો, જેમાં ૭ લોકોના મોત થયા હતા અને એક ડઝનથી વધુ લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ છે. આ ઘટના ભિંડના ગ્રામીણ પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના જવાહરપુરામાં બની હતી, જ્યાં ભિંડ કલેક્ટરેટમાં કામ કરતા ગિરીશ નારાયણ તેમના પરિવાર સાથે લગ્નમાં હાજરી આપવા માટે તેમની બહેનના ઘરે ગયા હતા. સવારે પ૰છા ફરતી વખતે, એક ઝડપથી આવતા ડમ્પરે મુસાફરોથી ભરેલા પિકઅપ વાહનને ટક્કર મારી. મધ્યપ્રદેશના ભિંડ જિલ્લામાં મંગળવારે સવારે એક મોટો માર્ગ અકસ્માત થયો જેમાં એક ઝડપી ગતિએ આવી રહેલ ડમ્પર મુસાફરોથી ભરેલા પિકઅપ વાહન સાથે અથડાયું, જેમાં ૭ લોકોના મોત થયા. ૫ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા જ્યારે ૨ લોકોના સારવાર દરમિયાન મોત થયા હતા. જ્યારે ૭ ગંભીર રીતે ઘાયલ લોકોને ગ્વાલિયર મેડિકલ કોલેજમાં રિફર કરવામાં આવ્યા છે. કુલ એક ડઝનથી વધુ ઘાયલ થયા છે. આ ઘટના રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૭૧૯ પર દેહત પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા જવરપુર ગામ પાસે બની હતી. બધા લગ્ન સમારંભમાંથી ભાત ચઢાવીને પાછા ફરી રહ્યા હતા.

રાજ્યપાલ આખું ભાષણ પણ વાંચી શક્યા નહીં

# યુપી વિધાનસભા : મહાકુંભમાં ભાગદોડ પર સમાજવાદી પાર્ટીએ હંગામો મચાવ્યો

**કેટલાક ધારાસભ્ય 'અષ્ટિ કળશ' લઈને વિધાનસભા પહોંચ્યા, કેટલાક સાંકળોમાં લપેટાયેલા જોવા મળ્યા । ધારાસભ્યોએ પ્લેકાર્ડ પકડી રાખ્યા હતા જેના પર લખ્યું હતું, "જે સરકાર વીજળી અને પાણી આપી શકતી નથી તે નકામી છે!**

। લખનૌ, તા.૧૮ ।

ઉત્તર પ્રદેશ વિધાનસભામાં બજેટ સત્રના પહેલા દિવસે સમાજવાદી પાર્ટીના કાર્યકરોએ કેમ્પસમાં હોબાળો મચાવ્યો હતો હંગામો એટલો બધો હતો કે રાજ્યપાલ આનંદીબેન પટેલ માત્ર ૧૨ મિનિટમાં સંબોધન વાંચીને પાછા ફર્યા હતાં. બાકીનો ભાગ વિધાનસભા અને વિધાન પરિષદના અધ્યક્ષ દ્વારા વાંચવામાં આવ્યું હતું. હાથમાં બેનરો અને પ્લેકાર્ડ પકડીને, સપાના સભ્યો "લાઠી અને ગોળીઓની સરકાર નહીં ચાલે, નહીં ચાલે" અને "અનામત વિરોધી, દલિત વિરોધી, બંધારણ વિરોધી સરકાર નહીં ચાલે, નહીં ચાલે" જેવા સૂત્રોચ્ચાર કરી રહ્યા હતા.

"આ પહેલી વાર બન્યું છે કે રાજ્યપાલ આનંદીબેન પટેલ માત્ર ૧૨ મિનિટમાં આખું ભાષણ વાંચ્યા વિના વિધાનસભા છોડી ગયા." વિધાનસભા સત્ર શરૂ થાય તે પહેલાં, ઉત્તર પ્રદેશના



નાયબ મુખ્યમંત્રી બ્રજેશ પાઠકે કહ્યું કે આ વખતનું બજેટ સત્ર ઉત્તર પ્રદેશ માટે એક સીમાચિહ્નરૂપ સાબિત થશે. વિપક્ષ પાસે મુદ્દાઓનો અભાવ છે. અમે એક ભવ્ય અને અદ્ભુત કુંભ મેળાનું આયોજન કર્યું છે અને સમગ્ર વિશ્વમાં અમારી પ્રશંસા થઈ રહી છે. આવી સ્થિતિમાં, મહાકુંભમાં થયેલી ભાગદોડ અંગે વિપક્ષે સરકાર સામે જોરદાર વિરોધ કર્યો.

સમાજવાદી પાર્ટીના વરિષ્ઠ સભ્યો સુધાકર સિંહ અને એચ.એન. સિંહ પટેલે જણાવ્યું હતું કે પાર્ટીના ધારાસભ્યોએ સંભલ અને કુંભ સહિતના અનેક મુદ્દાઓ પર સરકારની નિષ્ફળતા સામે ધરણા કર્યા હતા. ધારાસભ્યોએ પ્લેકાર્ડ પકડી રાખ્યા હતા જેના પર લખ્યું હતું, "જે સરકાર વીજળી અને પાણી આપી શકતી નથી તે નકામી છે!" તેમાં લખ્યું હતું કે જે સરકાર નકામી છે તેને બદલવી પડશે.સમાજવાદી પાર્ટીના વરિષ્ઠ સભ્ય અમિતાભ ત્રિવેદીએ આરોપ લગાવ્યો કે કુંભમાં સ્નાન કરનારા ભક્તો અને મૃત્યુ પામેલા લોકોના ખોટા આંકડા રજૂ કરવામાં આવી રહ્યા છે. તેમણે માંગ કરી છે કે સરકારે કુંભ મુદ્દા પર ગૃહમાં ચર્ચા કરવી જોઈએ.

સમાજવાદી પાર્ટીના મુખ્ય પ્રવક્તા રાજેન્દ્ર ચૌધરીએ ભાજપ સરકારને જનવિરોધી અને ખેડૂત વિરોધી ગણાવી અને કહ્યું કે આ સરકાર દરેક મોરચે નિષ્ફળ ગઈ છે. ઉત્તર પ્રદેશ વિધાનસભાનું બજેટ સત્ર શરૂ થયું, તે દિવસે સમાજવાદી પાર્ટીના નેતાઓએ મહાકુંભમાં ભાગદોડ દરમિયાન થયેલા મૃત્યુ સામે વિધાનસભાની સામે વિરોધ પ્રદર્શન કર્યું. સમાજવાદી પાર્ટીના એક નેતાએ સરકારની નિંદા કરતી વખતે, સરકારની નૈતિકતાની રાખને પ્રતીકાત્મક રીતે પોતાની પાસે રાખી.

## લાલુ યાદવને ભારત રત્ન આપવાની તેજસ્વીની માંગ કરી, ભ્રષ્ટાચાર માટે તેમને કોઈ એવોર્ડ મળવો જોઈએ : જદયુ

। પટણા, તા.૧૮ ।

રાષ્ટ્રીય જનતા દળના નેતા તેજસ્વી યાદવે સોમવારે કહ્યું કે તેમના પિતા લાલુ પ્રસાદ સમાજના વંચિત વર્ગનો અવાજ ઉઠાવવા બદલ ભારત રત્નને પાત્ર છે. લાલુ યાદવ બિહારના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને આરજેડીના પ્રમુખ છે. તેજસ્વી યાદવ સીતામઢી જિલ્લાના સોનબરસા ખાતે મહાન સમાજવાદી નેતા કરપુરી ઠાકુરની પુણ્યતિથિ નિમિત્તે આયોજિત એક કાર્યક્રમને સંબોધિત કરી રહ્યા હતા. તેજસ્વી યાદવે કહ્યું કે તે દિવસો યાદ કરો જ્યારે બિહારના તત્કાલીન મુખ્યમંત્રી સ્વર્ગસ્થ કરપુરી ઠાકુરે પછાત વર્ગો માટે અનામત આપવાનું કામ કર્યું હતું. લાલુ પ્રસાદ અને રાબડી દેવીએ તેમના કાર્યને આગળ ધપાવ્યું અને આ અનામત વધારીને ૧૮ ટકા કરી અને તે પછી ભાજપે આજ સુધી અનામત વધારી નથી. તેમણે કહ્યું કે વર્ષો પછી એ જ (ભાજપ) પાર્ટીએ તેમને (કરપૂરી ઠાકુર) ભારત રત્નથી સન્માનિત કર્યા અને આ જ સમાજવાદની શક્તિ છે. તેજસ્વી યાદવે આ વર્ષના અંતમાં યોજાનારી વિધાનસભા ચૂંટણીમાં અખિલ ભારતીય ગઠબંધનની જીત અંગે બડાઈ મારી હતી. તેજસ્વી યાદવે કહ્યું કે આગામી સરકાર બનાવવાની જવાબદારી મારા ખભા પર છે. તેથી, હું ખાતરી કરીશ કે ફક્ત એવા ઉમેદવારોને જ તક મળે જે વૈચારિક રીતે પ્રતિબદ્ધ હોય.

## દિલ્હીમાં 'મનીષ સિસોદિયાએ એસી, ખુરશીઓ, પંખા અને એલઈડી પણ ચોર્યા'

। નવીદિલ્હી, તા.૧૮ ।

